ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૬-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

બોખીરીયા સરકારની દુખતી રગ

બાબુભાઈ બોખીરિયા અગાઉના ભાજપ મંત્રીમંડળમાં રાજ્યકક્ષાના મંત્રી હતા અને છેલ્લી ચૂંટણીમાં પોરબંદરની બેઠક પર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડિયાને હરાવી વિજયી બન્યા હોવાથી એમને વર્તમાન સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. દેખીતું છે કે નરેન્દ્ર મોદી સામે ઝુઝારુ પ્રતિસ્પર્ધીની જેમ અવિરત ઝુંબેશ ચલાવનાર કોંગ્રેસી નેતાને હરાવનારા ભાજપના સ્થાનિક અગ્રણીને આવો સરપાવ અપાય એમાં ઔચિત્ય પણ ગણાય. પરંતુ બાબુભાઈ સામે અગાઉથી અનેક પ્રકારના આક્ષેપો થતા રહ્યા હતા. અદાલતમાં પણ એમની સામે કેસ પડેલા હતા. ખનન કેસમાં એમની વિરુદ્ધ ચુકાદો આવ્યો છે અને નીચલી અદાલતે એમને ત્રણ વર્ષની સજા તથા દંડ ફરમાવેલ છે. આવી સ્થિતિમાં અપેક્ષા તો એ રહે કે નૈતિકતાના મુદ્દે તેઓએ તત્કાળ રાજીનામું આપવું જોઈતું હતું. ખુદ મુખ્યમંત્રી પણ કદાચ આમ જ થવું જોઈતું હતું એમ ઈચ્છતા હશે. પરંતુ મંત્રી મંડળમાં બાબુભાઈ બોખીરિયા અને પુરષોત્તમ સોલંકી જેવા એવા મંત્રીઓ પણ છે જે મુખ્યમંત્રીનો સીધો આદેશ ન મળે ત્યાં સુધી પદ છોડવાની ઉતાવળ ન કરે. આ આપણાં કહેવાતાં મૂલ્યોની વર્તમાન દશા અને દિશા છે. આમ તો પોરબંદરનો ધારાસભ્ય ગાંધીનો વારસ ગણાય. પરંતુ ગાંધી સાથે ગાંધીનગર, અમદાવાદ કે પોરબંદરને હવે સ્નાનસૂતકનો પણ સંબંધ રહ્યો નથી, તે સર્વ વિદિત છે. ગુજરાતમાં ગાંધીવિચારના બહુ થોડા ભગ્નાવશેષ બચ્યા છે, જેમને પ્રજા સુધી કોઈ ખાસ પહોંચ કે પ્રભાવ નથી રહ્યો. આવા વિષમ વાતાવરણમાં બોખીરિયા પાસે સ્વૈચ્છિક રાજીનામાની અપેક્ષા રાખવી તે જરા વધારે પડતું ગણાશે. વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ બોખીરિયાના રાજીનામાની બુલંદ સ્વરે માગણી કર્યા છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી તે જ શું સૂચક નથી? અદાલતમાંથી જામીન મળી ગયેલ હોઈ આરોપી અને સજા પામેલ મંત્રીશ્રી વટથી ફરે છે. તેઓ ઉપલી કોર્ટનો આશરો લેશે અને વાતનો વીંટો વળી જશે. આપણી વર્તમાન 'મૂલ્યનિષ્ઠ' અને 'નંબર વન' ગણાતી સરકાર માટે અદાલતનું કેટલું મૂલ્ય છે તે આ કિસ્સા પરથી સમજી શકાય એમ છે. લોકાયુક્ત નીમવાના મુદ્દે અનેક બહાનાં કાઢનાર અને રાજ્યપાલ દ્વારા નિયુક્ત લોકાયુક્તની નિમણૂક સામે કોર્ટનો આશ્રય લેનાર સરકાર કાલે કદાચ લોકાયુક્ત નીમે તો પણ એના આદેશનું કેટલું અને કેવું અર્થઘટન કરશે તે કલ્પી શકાય એમ છે. બોખીરિયા એ મોદી સરકારની મજબૂરી પણ છે અને દુખતી રગ પણ છે, પરંતુ એ દુખતી રગની પીડા સહન કરવા જેટલું મજબૂત મનોબળ ધરાવતા મુખ્યમંત્રીએ હજી આ બાબત પ્રત્યે આંખ આડા કાન કરીને ગુજરાતની પ્રજાને એમના લોખંડી એકાધિકારવાદનો પરચો બતાવી દીધો છે, એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. 'હાથી ચલત હૈ અપની ગત મેં....'

આભ ફાટ્યું આફતનું...!!!

ઉત્તરાંચલે કેવું ફાટ્યું આભ?
ક્રૂર-કાતિલ, કાળમુખુ જ હા!
અન્યાયી, અત્યાચારીને અમાનુષી
મોતના તાંડવનું અટ્ટહાસ્ય વેરતું
ભોળા, શ્રધ્ધાળુ, તીર્થાળુ માનવો સંહારતું
કાળની ફૂંકે શ્રધ્ધા-દીપને, આસ્થાના કેંદ્રને
ધ્વંસતું, નેસ્તનાબૂદસ્તું આભ ફાટ્યું આફતનું..!!
ફરી વળ્યું કાળચક્ર ન જોયાં રંક વા રાય!
પૂર ધસમસ્યાં વિપદાના- તબાહીના...
સિસકતી આહો-અશ્રુધારે ચિત્કારતી કેં હાય!
શિવના ત્રિનેત્રે પલકારે હા! ફૂટીગ્યા પરપોટા વિકાસના...
ચોમેર સર્વત્ર છલી વળ્યાં પૂર બિહામણા વિનાશના!
છીનવાયાં છત્ર માવતરના... રોળાયાં સિંદૂર કેં સેંથીના
લાચારી-વિવશતા ઝૂરે, ડૂસકાં ભરે..
દિલેરી, જવાંમર્દી જવાનોની સર્વને હૂંફે પૂરે...
સાદ માનવતાનો, ધાજો વ્હારે, થાજો સહુનાં બેલી...

– ભરત કવિ 'ઊર્મિલ'

નાથ બની કેદારમાં...

મનમૂકીને વરસવાનું હતું ત્યાં વળી,
મન ચૂકીને આમ તું વરસતો રહ્યો!

મૂશળધાર તો ક્યાંક વળી સાંબેલાધારે,
પણ વિસ્તાર અહીંનો તરસતો રહ્યો!

તારા પ્રકોપમાં કરા પડ્યાનું યાદ છે,
હવે લાશના ઢગલા તું ખડકતો રહ્યો!

સ્વરૂપ તારૂં રૌદ્ર અને વિકરાળ એટલું -
માનવી લાચાર બની લથડતો રહ્યો!

તારો ઈરાદો સાફ જણાવી દે હવે,
ટૂકડે- ટૂકડે કેમ તું આમ પકડતો રહ્યો!

નાથ બની કેદારમાં આ બધું જોતો રહ્યો,
'શરમાળ' પણ એટલે તારી સાથે ઝઘડતો રહ્યો!

– જગદીશ ગોર 'શરમાળ'

વિદેશી ધરતી પર ગાંધીનગરનું રાગા ગ્રૂપ છવાયું : ટ્રેડીશનલ ડ્રેસ કોમ્પીટીશનમાં મિ. પીસ એન્ડ ફ્રેન્ડશીપ અને મિ. જયુરીનો ખિતાબ જીતતા ગુજરાતીઓ

ગાંધીનગર, તા.૨૩

આંતરરાષ્ટ્રીય લોક નૃત્ય મહોત્સવ અને સ્પર્ધામાં ગાંધીનગરની રાગા ટીમે ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરતા લોકનૃત્યો રજૂ કરી મિ. પીસ એન્ડ ફ્રેન્ડશીપ અને મિ. જયુરી તરીકે વિજેતા બની ગુજરાતનું નામ વિદેશની ભૂમિમાં ઉજાગર કર્યું હતું.

રાગા કલ્ચરલ ગ્રૂપ ઓફ પર્ફોર્મીંગ આર્ટ ગાંધીનગરના ૨૫ કલાકારો તાજેતરમાં નોર્થ સાયપ્રસ દેશમાં યોજાયેલી ત્રિ દિવસીય લોકનૃત્ય મહોત્સવ અને સ્પર્ધામાં ગયા હતા. સ્પર્ધામાં રાગા કલ્ચરલ ગ્રૂપ ઓફ પર્ફોર્મીંગ આર્ટના હર્ષદ સોલંકી તથા અર્જૂન રજવાણિયાના સફળ નેતૃત્વ હેઠળ અંકિત પટેલ (કોરિયોગ્રાફર) જયેશ સુખડિયા, વિપુલ ડોડિયા, વિજયસિંહ રાજન, જીત ભટ્ટ, સાર્થક ભટ્ટ, ભાવિકા બ્રહ્મભટ્ટ, કૃપા બારોટ, વિક્રમ પટેલ સહિત કુલ ૨૫ કલાકારો દ્વારા રાઠવા અને રાસ-રાસડો જેવા ગુજરાતી લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. જેને વિદેશીઓએ મન ભરીને માણ્યા હતા તથા હર્ષોલ્લાસથી વધાવી લીધા હતા. ટ્રેડીશનલ ડ્રેસ કોમ્પિટીશનમાં અર્જૂન રજવાણિયાને મિ. પીસ એન્ડ ફ્રેન્ડશીપ તથા વિપુલ ડોડિયાને મિ. જયુરી તરીકે વિજેતા જાહેર કરાયા હતા. વિજેતાઓને રાગા કલ્ચરલ ગૃપના ડારેકટરે અભિનંદન પાઠવ્યા છે.

હે ભોળાનાથ, અગાઉ મેં કહ્યું હતું કે, 'એક વાર કેદારનાથની યાત્રા કરાવજે' એવું હવે મારે નથી કરવું પ્રભુ...

આજે ગાંધીનગરમાં યુવા શકિતને રોજગારીપત્રો એનાયત કરાશે

ગાંધીનગર, તા.૨૩

રાજ્ય સરકાર સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ યુવાશકિત વર્ષ તરીકે ઉજવી રહી છે. રાજ્યના જે યુવાનો ખાનગી ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતી મેળા અન્વયે રોજગારી માટે પસંદ થયા છે તેમને નિમણૂંકપત્રો આગામી તા. ૨૪મી જૂન ૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવનાર છે એમ શ્રમ અને રોજગાર વિભાગના સચિવશ્રી પી. પનીરવેલ દ્વારા જણાવાયું છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરા, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાંત પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદ ઔદ્યોગિક ભરતી મેળાઓની ઝૂંબેશના પ્રથમ તબક્કામાં ૬૫,૦૦૦ તેમજ બીજા તબક્કામાં ૪૧,૦૦૦ એમ કુલ મળી ૧.૦૬ લાખ યુવાનોને રોજગારી/એપ્રેન્ટીસશીપની નિમણૂંકો આપવામાં આવી છે. હવે ત્રીજા તબક્કાની ઝુંબેશમાં વધુ ૪૩૦૦૦ યુવાનોને રોજગારી આપવામાં આવશે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ થતા અહેવાલો મુજબ સમગ્ર રાષ્ટ્રમાં રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં વર્ષ ૨૦૦૨થી ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. તે જ રીતે અનુસૂચિત જાતિ અને અનૂસિચત જનજાતિઓના પ્લેસમેન્ટમાં પણ વર્ષ ૨૦૦૩થી ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. રોજગાર કચેરીઓમાં મહિલાઓની નોંધણીના સંદર્ભે પ્લેસમેન્ટની ટકાવારી ગણતા ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં વર્ષ ૨૦૦૪થી પ્રથમ ક્રમે રહ્યું છે. જયારે ભારત સરકારના લેબર બ્યુરો, ચંદીગઢના રીપોર્ટ મુજબ સમગ્ર રાષ્ટ્રના ૩.૮ ટકાના બેરોજગારીના દર સામે ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો એક ટકા જેટલો રહ્યો હોવાનું વધુમાં જણાવાયું છે.

ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ અંગે સરકારે રચેલી સમિતિ ટૂંકમાં અભ્યાસ અહેવાલ રજૂ કરશે

ગાંધીનગર, તા.૨૩

ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહ પછીના ઈજનેરી અને ફાર્મસીના ડીગ્રી અભ્યાસક્રમોમાં જુદા જુદા બોર્ડમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓની કોમન મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવા અંગે પ્રવર્તમાન જોગવાઈઓનો અભ્યાસ કરીને પોતાનો અહેવાલ સમિતી આગામી માસમાં સરકારને સુપરત કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ થી રાજયના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ તથા રાજયના જ અન્ય વિદ્યાર્થીઓ કે જેઓએ સી.બી.એસ.ઈ. બોર્ડ અને અન્ય બોર્ડમાંથી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલ છે. અને જે તે બોર્ડે તેમના વિદ્યાર્થીઓના પર્સન્ટાઈલ રેન્ક આપેલ હશે તેઓની કોમન મેરીટ યાદી બનાવી વિદ્યાર્થીઓને ધો-૧૨ પછીના ઈજનેરી તથા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના ૩૦-૪-૨૦૧૩ના જાહેરનામાથી નિર્ણય કરવામાં આવેલ.

બોર્ડ દ્વારા પર્સન્ટાઈલ રેન્ક આપવામાં ન આવે તેઓના માટે પ્રો-રેટા મુજબ અલગ મેરિટ લીસ્ટની જોગવાઈ કરવામાં આવેલ છે. ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૩-૧૪માં જે ઈઈની પરિક્ષાનો ગુણભાર ૪૦ ટકા અને બોર્ડનો ગુણભાર ૬૦ટકા એ પ્રમાણે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવનાર છે. પર્સન્ટેજને બદલે પર્સન્ટાઈલ રેન્કનો આધાર લેવાથી અલગ અલગ બોર્ડ માટે અલગ અલગ કવોટા રાખવાની જરૂર રહેતી નથી.

વર્ષ ૨૦૧૩-૧૪માં ધો-૧૨ પછીના ઈજનેરી અને ફાર્મસી ડીગ્રી અભ્યાસક્રમો માં અનુસરવામાં આવનાર પ્રવેશ માટેની પધ્ધતિ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી જો કોઈ રજુઆતો મળે તો તે રજુઆતો અંગે વિચારણા કરવા અને જો તેમાં કોઈ ફેરફારની આવશ્યકતા જણાય તો તે સૂચવવા કમિશનર ટેકનિકલ શિક્ષણના અધ્યક્ષ પદે એક સમિતિની રચના કરવામાં આવી છે.

આ સમિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ના ધો-૧૨ પછીના ઈજનેરી અને ફાર્મસીના પ્રવેશ અંગે રાજયમાંથી અલગ અલગ બોર્ડમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓને કોમન મેરીટ યાદી દ્વારા પ્રવેશ આપવા અંગે શિક્ષણ વિભાગના પ્રવર્તમાન ઠરાવની જોગવાઈ અંગે જણાવેલ મુદ્દાઓનો અભ્યાસ કરીને અહેવાલ રજુ કરવાનો રહેશે.

વર્ષ ૨૦૧૩-૧૪ની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયેથી એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ અમદાવાદનો અહેવાલ સરકારને રજુ થાય તે તારીખથી ત્રણ માસમાં આ સમિતિએ મુદ્દા સાથે સંકળાયેલ વિગતોનો અભ્યાસ અહેવાલ રજુ કરવાનો રહેશે.

શાળાએ જતાં સંતાનોને નાસ્તામાં શું આપવું તેની વાલીઓને પળોજણ

ભેજવાળા વાતાવરણથી તૈયાર નાસ્તામાં હવા લાગી જાય છે જ્યારે ગરમ નાસ્તો બગડી જાય છે

ગાંધીનગર, તા. ૨૩

શૈક્ષણિક સત્રના આરંભે વાલીઓએ પોતાના સંતાનો માટે પુસ્તકો, દફતર, ગણવેશ તથા લંચબોક્ષ સહિતની તમામ ચિજવસ્તુઓ ઉપલબ્ધ કરાવી દીધી છે. પરંતુ શાળાની રિશેષ દરમ્યાન પોતાના સંતાનોના દૈનિક નાસ્તાની પળોજણ વાલીઓને સતાવી રહી છે. હાલમાં બેવડા વાતાવરણમાં તૈયાર નાસ્તા હવા લાગવાથી પોચા થઈ જાય છે ત્યારે ગરમ નાસ્તા બગડી જવાની શક્યતા છે. જેથી સંતાનોને નાસ્તામાં શું ભરી આપવું તે ચિંતાનો વિષય વાલીઓમાં બન્યો છે.

રાજ્યભરમાં સોમવારથી શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રમાં દરેક વિદ્યાર્થી નવા રૂપરંગ સાથે અભ્યાસમાં પરોવાઈ ગયા છે. વાલીઓએ પોતાના સંતાનોની અભ્યાસની કારકિર્દી જવલંત બને તેવી આશાએ શાળામાં જરૂરી એવી તમામ ચિજવસ્તુઓ લાવી આપે છે. જેમાં શાળાનો ગણવેશ, પુસ્તકો, ચોપડા, નોટબુક, કંપાસ, બેગ, બુટમોજા તેમજ જવા આવવા માટે સાયકલ અથવા તો સ્કુલવાનની વ્યવસ્થા કરી દીધી છે.

પરંતુ પોતાનું સંતાન રીશેષ દરમ્યાન નાસ્તામાં શું ખાશે ? તેની ચિંતા વાલીઓને કોરી ખાય છે. વરસાદી વાતાવરણ વચ્ચે ભારે ઉકળાટ થકી નાસ્તાની પસંદગી મોટી પળોજણ બની છે. સીંગ, ચણા, મમરા, ચવાણુ કે અન્ય કોરો નાસ્તો ભેજ થકી હવા લાગી જતાં પોચો પડી જવાથી સ્વાદમાં ફેરફાર થઈ જાય છે તો બીજી તરફ ગરમ બનાવેલી નાસ્તો બંધ લંચબોક્ષમાં લાંબો સમય રહેવાથી બગડી જવાની ચિંતા પણ વાલીઓને થઈ રહી છે.

તો બીજી તરફ સંતાનો પણ રોજે રોજ નાસતા બાબતે રીસાઈ જતાં હોવાથી વાલીઓ ચિંતાતુર બન્યા છે. જેમાં એક વાલીએ જણાવ્યું હતું કે અમો અમારા સંતાન માટે હાલમાં કઠોળ બનાવી આપીએ છીએ. જે સ્વાસ્થ્ય માટે પણ શ્રેષ્ઠ મનાય છે. આમા નાસ્તાના વિકલ્પ સ્વરૂપે ફળફળાદી, સુકો મેવો તથા સુખડી વગેરે વાતાવરણ મુજબ યોગ્ય હોવાનું મનાય છે. ત્યારે સંતાનોને મનાવી તેમના સ્વાસ્થ્યના અનુકૂળ નાસ્તો આપવો જોઈએ તેવું કેટલાક વાલીઓ જણાવ્યું રહ્યું છે.

ગુજરાત યુનિમાં ટેન્ડર વિના પ્રશ્નપત્રો છાપવા કંપનીને કોન્ટ્રાક્ટ

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર ડો. હિમાંસુ પટેલેએક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. આદેશપાલના આદેશથી તા. ૧૩-૧૨-૨૦૧૨ના રોજ પ્રશ્નપત્ર છપાવવા માટે લગભગ ૧.૫ કરોડ કરતાં વધુના કોન્ટ્રાકટને ટેન્ડર પ્રક્રિયામાં ગયા સિવાય એક ખાનગી કંપનીને તા. ૬-૧૨-૨૦૧૨ના રોજ આપેલા પત્રને નિયમ વિરુદ્ધ આ કંપનીને ફાયદો કરાવી આપવા કુલપતિ ડો. આદેશપાલના ઈશારે અને ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અરવિંદ ભંડારી સાથે સાંઠગાંઠ રચી તા. ૧-૧-૨૦૧૩થી ૩૧-૧૨-૨૦૧૩ સુધી ૧ વર્ષ માટે કોન્ટ્રાકટ આપી દીધો. જેને કુલપતિ ડો. આદેશપાલે ૧૧/૪ હેઠળ સ્વીકાર્યો.

આમ, લગભગ ૧.૫ કરોડનો આ કોન્ટ્રાક્ટ નકલી ફાયનાન્સ એડવાઈઝરી કમિટીએ પોતાના અધીકાર ક્ષેત્ર હેઠળ ન આવતો હોવા છતાં ભલામણ કરી જેના કારણે ગુજરાત યુનિવર્સિટીને કરોડો રૂપિયાનું નુકસાન થયું અને ખાનગી ઈજારદાર ને ૧.૫ કરોડ કરતાં વધુનો ફાયદો થયો અને આ ઈજારદારે પીળા કલરના પેપરમાં કાગળો વાળીને યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટ્રર અને પૂર્વ ઈન્ચાર્જ રજીસ્ટ્રાર તેમજ ફાયનાન્સ એડવાઈઝરી કમિટીના સભ્યો સાથે સાંઠગાંઠ કરી અપ્રમાણિક ઈરાદે ગેરકાયદેસર આર્થીક લાભ મેળવવાના હેતુસાર ગેરરીતિ કરી હોવાનો આક્ષેપ કર્યો છે.

વધુમાં યુનિવર્સિટીના પ્રેસ મેનેજર નરેન્દ્ર પટેલે પૂર્વ કુલપતિ ઉપરપોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી. તેમાંતેમણે તા. ૨૦-૩-૨૦૧૦ના રોજ આક્ષેપ કરેલ કે સપ્ટેમ્બર ૨૦૦૪થી ફેબ્રુઆરી ૨૦૦૬ સુધી તમામ પ્રશ્નપત્રો યુનિવર્સિટીમાં માત્ર ૬૦ લાખના ખર્ચે છપાતા હતા. હાલના પ્રેસ મેનેજરે કુલપતિ ડો. આદેશપાલના સમયમા'આ કામ ખાનગી ઈજારદાર પાસે કરાવવાની સંમતિ આપી તેઓ પણ આ ભ્રષ્ટાચારમાં કથિ રીતે સામેલ છે. તા. ૩૦-૩-૨૦૧૦ના રોજ પ્રેસ મેનેજરે આક્ષેપ કરેલ કે ૯૦ લાખના ખર્ચે પ્રેસ અદ્યતન છે. આ કીસ્સામાં કામ આપી ભ્રષ્ટાચાર થયેલ છે. આજના સમયે કોન્ફીસેક કંપનીને આ ઓર્ડર અપાવી યુનિવર્સિટીના તમામ વહીવટદારો અને પ્રેસ મેનેજર અનુભવ પ્રમાણે તમામે ભેગા મળી આ ભ્રષ્ટાચર કર્યો હોવાનો આક્ષેપ છે.

આમ, કંપનીને ફાયદો કરાવી આપવા ફાયનાન્સ કમિટી કે સિન્ડીકેટની મંજુરી વિના યુનિવર્સિટીનું પોતાનું પ્રેસ હોવા છતાં યુનિવર્સિટીના નિયમોનું ઉલ્લંઘન કરી ટેન્ડરની પ્રક્રિયા કર્યા સિવાય પ્રશ્નપત્રના આ કરારમાં જે તે સમયના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અરવિંદ ભંડારીએ સહી કરેલ છે.

વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન થાય એ અભિગમ આવકાર્ય છે પણ જયાં શિક્ષણ જ અટવાઇ પડ્યું હોય ત્યાં મૂલ્યાંકન કઇ વાતનું કરવું?

કેમ્પસ
- ધ્વનિલ પારેખ

સત્રાંત પદ્ધતિ અને ઉચ્ચ શિક્ષણ

સમગ્ર દેશમાં અથવા તો ગુજરાત રાજયમાં અત્યારે જો કોઇ યુનિવર્સિટી ચર્ચાના કેન્દ્રમાં હોય તો એ ભાવનગર યુનિવર્સિટી છે. સેમેસ્ટર સિસ્ટમ - સત્રાંત પદ્ધતિ અનુસાર શિક્ષણ પ્રણાલી જયારથી ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં દાખલ થઇ છે ત્યારથી એ વિવાદાસ્પદ રહી છે. આમ તો આ આખી પદ્ધતિ આયાતી પદ્ધતિ છે. પણ પશ્ચિમનો મોહ હજી આપણને છૂટતો નથી અને ત્યાં જ કે કંઇ પણ થાય છે એ ઉત્તમ જ હોય છે એમ માનીને આપણે એનું આંધળું અનુકરણ કરીએ છીએ. આપણે ભાગ્યે જ એવી તપાસ કરીએ છીએ કે જે કંઇ પણ આયાત કરવામાં આવે છે એ આપણા માટે કેટલું અનુકૂળ છે. ખાદ્ય પદાર્થોથી માંડીને શિક્ષણ સુધી બધે આજ સ્થિતિ જોવા મળે છે.

હા, તો ભાવનગર યુનિવર્સિટી શા માટે ચર્ચાનાં કેન્દ્રમાં છે, એ વાત ઉપર આવીએ. સત્રાંત પદ્ધતિ ત્રણેક વર્ષ પૂર્વે ગુજરાતના ઉચ્ચ શિક્ષણમાં દાખલ થઇ અને આ ત્રણ વર્ષોના ગાળામાં જ ખ્યાલ આવી ગયો કે આ પદ્ધતિ આપણા માટે અનુકૂળ નથી. પરંતુ યુજીસી અને ભારત સરકારનો આગ્રહ સમગ્ર દેશનું શિક્ષણ એક પ્રકારનું થાય એવો હતો અને એ માટે તમામ દેશનું શિક્ષણ એક પ્રકારનું થાય એવો હતો એ માટે તમામ પ્રકારની વિદ્યાશાખાઓમાં સત્રાંત પદ્ધતિ અમલી બનાવવામાં આવી. ઇજનેરી વિદ્યાશાખાનો વિદ્યાર્થી અને વિનયન વિદ્યાશાખાનો વિદ્યાર્થી એ જ પદ્ધતિએ શિક્ષણ અપનાવે એ વાત આદર્શની રીતે સારી લાગે છે. પણ ઇજનેરી વિદ્યાશાખાનો અભ્યાસ અને વિનયન વિદ્યાશાખાનો અભ્યાસ આ બંને વચ્ચે આભ-જમીનનું અંતર છે, બંનેને મૂલવવાના પરિણામો જુદા છે અને પરિણામો પણ જુદા છે. બધાને એક જ લાકડીએ હાંકી ન શકાય!

ભાવનગર યુનિવર્સિટીએ આ સત્રાંત પદ્ધતિનો વિરોધ કરીને એને પોતાની યુનિવર્સિટી અને એને સંગત કોલેજોમાંથી તિલાંજલી આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. યુનિવર્સિટીના સર્વોચ્ચ સત્તાધીશ મંડળો સેનેટ અને સિન્ડિકેટમાં આ માટેની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. ખાસ કરીને વિનયન વિદ્યાશાખા માટે આ પદ્ધતિ બહુ ફળદાયી નીવડી નથી અને એનો અમલ જયારથી શરૂ થયો. ત્યારથી જ વિરોધનો સૂર ઊભો થયો હતો. પણ એ સૂર મંદ હતો. બની શકે કે ભાવનગર યુનિવર્સિટીએ કરેલા નિર્ણયને કારણે એ સૂર તીવ્ર બને પણ ખરો!

મુદ્દો એ છે કે આ પદ્ધતિનો વિરોધ શા માટે થાય છે? કોઇ અધ્યાપકને જો આ પ્રશ્ન પૂછવામાં આવે કે ભાઇ, તમે આ સત્રાંત પદ્ધતિ અનુસાર શિક્ષણ આપવાની વાતનો વિરોધ શા માટે કરો છો? અધ્યાપક માત્ર પરીક્ષક અને નિરીક્ષક થઇ ગયો છે. એ માત્ર પેપરો, સ્વાધ્યાય કાર્ય તપાસવાનું જ કામ કરે છે. સમગ્ર વર્ષ દરમિયાન ચાર વખત પરીક્ષા આટલે જે સત્ર દીઠ બે પરીક્ષાને કારણે એ અન્ય કશું કરી શકતો નથી. સતત મૂલ્યાંકનના નામે માત્ર મૂલ્યાંકન જ થાય છે, શિક્ષણ થતું નથી. વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન થાય એ અભિગમ આવકાર્ય છે પણ જયાં શિક્ષણ જ અટવાઇ પડ્યું હોય ત્યાં મૂલ્યાંકન કઇ વાતનું કરવું? આ પ્રકારની વાતો અધ્યાપક પાસેથી સાંભળવા મળશે જે થોડી ઘણી નિસબત શિક્ષણ સાથે રાખે છે. એવા અધ્યાપકોની આ વાત છે. જે ખરેખર શિક્ષણની ખેવના રાખે છે એવા અધ્યાપકોની આ ચિંતા છે.

સવાલો નો સવાલ તો હવે એ થાય છે કે, જે પદ્ધતિમાં શિક્ષણ અટવાઇ પડ્યું હોય એવી પદ્ધતિનો અમલ લાંબો સમય ચાલુ રાખવામાં કેટલું ડહાપણ રહ્યું છે? સાથે મુદ્દો એ પણ છે કે, મોટા ભાગની યુનિવર્સિટીઓને યુજીસીનું મોટું અનુદાન મળતું હોય છે. યુજીસીનું અનુદાન જે તે યુનિવર્સિટીની જીવાદોરી હોય છે. હવે, યુજીસી જો સત્રાંત પદ્ધતિનો જ આગ્રહ સમગ્ર દેશ માટે રાખતી હોય ત્યારે આ પદ્ધતિનો વિરોધ કદાચ શક્ય બને પણ એ બંધ થઇ જાય એવું કેટલું શક્ય બને? સાથે એ વાત પણ વિચારવાની રહે કે ભાવનગર યુનિવર્સિટીએ આ આખી પદ્ધતિ સામે આટલો મોટો પ્રશ્નાર્થ કઇ રીતે મૂક્યો? કારણ કે આ આખી પદ્ધતિનો વિરોધ એટલે યુજીસીનો વિરોધ એવું એક સમીકરણ ઊભું થાય છે. જોઇએ, આવનારા દિવસોમાં ઉચ્ચ શિક્ષણમાં કેવા પ્રવાહો આવે છે તે...